# હવે મનપાની વજનદાર સમિતિનું ચેરમેન પદ મેળવવા લોબિંગ શરૂ

**પદાધિકારી** બનવામાં નિષ્ફળ જૂથ હવે ટી.પી., ગટર, આરોગ્ય સમિતિ મેળવવા એડીચોટીનું જોર લગાવશે

**મેયર**-પદાધિકારીઓની રેસમાં પાછળ રહેલા કોર્પોરેટરો હવે 12 સમિતિઓમાં સ્થાન મેળવવા સક્રિય

### અઢી વર્ષ પછી નો-રિપિટેશનમાં કપાઇ જવાની બીકે સ્થાયી સમિતિના એક સભ્યએ હૈયા વરાળ કાઢી

મનપાની ચૂંટણીના પરિણામ જાહેર થયાના એક માસ પછી ગૂરૂવારે ત્રણ કલાકના હાઇવોલ્ટેજ ડ્રામા વચ્ચે મનપાના પદાધિકારીઓ અને મનપાની ચાવીરૂપ મનાતી સ્થાયી સમિતિના સભ્યોની જાહેરાત થઇ. સ્થાયી સમિતિમાં સ્થાન મળવું તે મોભાની વાત મનાય છે. જો કે આ વખત પોતાને સ્થાયી સમિતિ ચેરમેનપદના દાવેદાર માનતા અને આ વખતે ગાડી ચૂકી જતાં અઢી વર્ષ પછી નવા પદાધિકારીઓ આવે ત્યારે પોતાને મેયર કે સ્થાયી સમિતિ ચેરમેનપદના મુખ્ય દાવેદાર માનતા એક સૌરાષ્ટ્રવાસી સભ્યને સ્થાયી સમિતિમાં સ્થાન મળવા છતાં બીજી ટર્મમાં નો-રિપિટેશન આવે તો પોતે સ્થાયી સમિતિ સભ્ય હોવાથી કપાઇ જાય એવી બીકથી હૈયાવરાળ કાઢતા નજરે પડ્યાં હતા. એટલું જ નહી આ સભ્ય શહેર પ્રમુખની નજીક હોવાથી તેમણે શહેર પ્રમુખને સ્થાયી સમિતિમાંથી પોતાની બાદબાકી કરાવવા પણ માંગણી કરી હોવાનું ચર્ચાઇ રહ્યું છે. જો કે આ વખતે તમામ નામો મોવડી મંડળે નક્કી કર્યા છે, શહેર સંગઠનનું કંઇ ચાલ્યું નથી તેથી શહેર પ્રમુખ પણ કંઇ કરી શકે તેમ નથી.

સુરત : મહાનગર પાલિકામાં મેયર સહિતના પદાધિકારીઓની જાહેરાત બાદ હવે વિવિધ સમિતિઓના અધ્યક્ષ-ઉપાધ્યક્ષ પદ માટે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આગામી સપ્તાહમાં મળનારી સામાન્ય સભામાં પાલિકાની 12 મહત્વપૂર્ણ સમિતિઓના સભ્યો તેમજ અધ્યક્ષ-ઉપાધ્યક્ષોની વરણી થવાની હોવાથી ભાજપના કોર્પોરેટરોમાં ફરી એકવાર દોડધામ શરૂ થઈ ગઈ છે. મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના પદોમાં સ્થાન ન મળતા અનેક કોર્પોરેટરોએ હવે વજનદાર સમિતિઓમાં સ્થાન મેળવવા પોતાના રાજકીય ગોડફાધરની આંગળી પકડી ધમપછાડા શરૂ કર્યા છે. પદાધિકારીઓની રેસમાં પાછળ રહી ગયેલા કોર્પોરેટરો અને જુથ હવે મનપાની 12 ખાસ સમિતિઓ પૈકી વજનદાર મનાતી જાહેર બાંધકામ, પાણી, આરોગ્ય, નગર નિયોજન, ગટર સમિતિઓના ચેરમેનપદ મેળવવા એડીચોટીનુ જોર લગાવશે આ ઉપરાંત મનપામાં કલમ 45 હેઠળ આવતા અધિકારીઓની વરણી માટે મેયરના અધ્યક્ષ સ્થાને મળતી ખડી સમિતિમાં સ્થાન મેળવવા પણ ભારે લોબીંગ થશે.

# ગર્ભાશયના ઓપરેશન પછી મહિલાનો પેશાબ અવરોધાતો હતો

**સિવિલના** તબીબોએ 'બોઆરી ફ્લેપ' સર્જરી કરી પેશાબની થેલીમાં જ નવી નળી તૈયાર કરી

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના તબીબોએ જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી ૪૮ વર્ષીય મહિલા દર્દીને નવજીવન આપ્યું છે. ખાનગી હોસ્પિટલમાં અંદાજે રૂ.૩ લાખના ખર્ચે થતી 'બોઆરી ફ્લેપ' જેવી અત્યાધુનિક સર્જરી નવી સિવિલ ખાતે નિઃશુલ્ક કરવામાં આવી હતી.

ડિંડોલી વિસ્તારમાં રહેતા સીમાસિંગને ગર્ભાશય દૂર કરવાની કોમ્પ્લેક્સ સર્જરી વખતે પેશાબની નળીમાં ગંભીર ઈજા પહોંચી હતી. જેના કારણે કિડનીમાંથી પેશાબનો પ્રવાહ અવરોધાયો હતો. ત્યારબાદ નવી સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ 'બોઆરી ફ્લેપ' નામની આધુનિક સર્જરી કરીને પેશાબની થેલીમાંથી જ નવી નળી તૈયાર કરી દર્દીને રાહત આપી હતી.

નવી સિવિલના ઈન્ચાર્જ તબીબી અધિક્ષક ડૉ. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ સર્જરી વિભાગના વડા ડૉ. નિમેશ વર્મા, યુનિટ હેડ ડૉ. સંદીપ કંસલ, ડૉ. તેજસ પટેલ, ડૉ. ગૌતમ ભારડા, ડૉ. શ્યામ ધ્રાંગુ અને ડૉ. વિભોર ગુપ્તાની ટીમે સફળ સર્જરી પાર પાડી હતી.

તબીબોની ટીમે પેશાબની થેલીના ઉપરના ભાગમાંથી માંસપેશીનો નાનો ફ્લેપ તૈયાર કરી તેને નળીના આકારમાં ફેરવી કુદરતી નળી સાથે જોડાણ કર્યું હતું. સર્જરી બાદ દર્દીની કિડનીમાં તાત્કાલિક નળી મૂકી અંદાજે છ અઠવાડિયા સુધી બહાર થેલી મારફતે પેશાબ એકત્ર કરવામાં આવ્યો હતો. બાદમાં નળી દૂર કરતાં દર્દી સંપૂર્ણ સ્વસ્થ બન્યું હતું.

# સ્કૂલ બેગમાંથી રૂપિયા એક લાખનો બે કિલો ગાંજો ઝડપાયો

**ચા-નાસ્તાની** લારીની આડમાં ગાંજો વેચતી ૭૦ વર્ષની વિધવા મહિલા પકડાઇ

સુરતઃ સુરત પોલીસની અલગ-અલગ ટીમોએ સપાટો બોલાવીને શહેરના બે જુદા-જુદા વિસ્તારોમાંથી લાખો રૂપિયાની કિંમતના ગાંજાના જથ્થા સાથે બે રીઢા પેડલરોને દબોચી લીધા છે. રજવાડી પાર્ટી પ્લોટ પાસે એક શંકાસ્પદ ઈસમ નશાના જથ્થા સાથે ઊભો છે. તેવી બાતમીના આધારે અમરોલી પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને આરોપીને કોર્ડન કરી ઝડપી લીધો હતો. પોલીસ ત્યારે ચોંકી ઊઠી જ્યારે આરોપીની સ્કૂલ બેગની તલાશી લેતા તેમાંથી રૂ.૧,૦૦,૭૦૦ની કિંમતનો ૨.૦૧૪ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ.૧.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપીનું નામ મોહમ્મદ આસિફ ઉર્ફે કાલુ અબ્દુલ રશીદ શેખ (ઉં.વ.૨૮) (રહે.,અંસાર નગર, કોસાડ આવાસ, અમરોલી) છે તેમજ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપી અગાઉ પણ સુરત રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન એક્ટ (દારૂબંધી) હેઠળ ૪ અલગ-અલગ ગુનાઓમાં સંડોવાયેલો રીઢો અપરાધી છે.પોલીસની આંખમાં ધૂળ નાંખવા માટે તે સ્કૂલ બેગનો સહારો લેતો હતો.

બીજી તરફ, બકરી ઈદ જેવા આગામી ધાર્મિક તહેવારો નિમિત્તે કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ શાંતિ માટે પેટ્રોલિંગ કરી રહેલી જહાંગીરપુરા પોલીસની ટીમને મોટી સફળતા મળી છે. પી.આઈ. બી. બી. પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.પી. ઘરિયા અને તેમની ટીમના એએસઆઈ અશોકભાઈ નારાયણભાઈ તથા લોકરક્ષક હિરેન ભગવાનભાઈને બાતમી મળી હતી કે, સાયણ-હજીરા હાઈવે પર ચામુંડાનગર કેનાલ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં 'જય મહાકાળી ટી એન્ડ નાસ્તા સેન્ટર' નામની લારી પર નશાનો કારોબાર ચાલે છે. પોલીસે દરોડો પાડીને ત્યાંથી લારી ચલાવતી વયવૃદ્ધ મહિલાને રૂ.૩૬,૯૦૦ની કિંમતના ૭૩૮ ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી હતી. પકડાયેલા આરોપી મહિલાનું નામ નંદાબેન ચંદ્રકુમાર ચૌહાણ (વિધવા) (ઉં.વ.૭૦) (ધંધો-ચા-નાસ્તાની લારી) (રહે., ઘર નં.૧૬, પરિમલ સોસાયટી, જીન પેટ્રોલ પંપની સામે, જહાંગીરપુરા) છે તેમજ આ કેસમાં નંદાબેનને માલ સપ્લાય કરી ગયેલા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. જહાંગીરપુરા પોલીસે આ મામલે એનડીપીએસ (NDPS) એક્ટ મુજબ ગુનો રજિસ્ટર કરી કાર્યવાહી હાથ ધરી છે.

## મેયર માયા માવાણી એક્શનમાં : અઢી માસથી પેન્ડિંગ મેયર ફંડની 45 ફાઈલને મંજૂરી

સુરત : મહાનગરપાલિકાના નવા મેયર તરીકે વરાયેલા માયા માવાણીએ પદભાર સંભાળતાની સાથે જ એક્શન મોડમાં કામ શરૂ કરી દીધું છે. આજે સવારે 10:30 કલાકે પાલિકાના વહીવટી ભવન ખાતે પહોંચ્યા બાદ તેમણે પ્રથમ જ દિવસે છેલ્લા અઢી મહિનાથી પેન્ડિંગ રહેલી મેયર ફંડની ફાઈલોનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરી હતી. વોર્ડ નં. 14માંથી ચૂંટાઈ આવેલા માયા માવાણીએ પદભાર સંભાળ્યા બાદ તેમણે સૌપ્રથમ વહીવટી પ્રક્રિયાઓને ગતિ આપવા પર ભાર મૂક્યો હતો. મેયર ફંડ હેઠળ સહાય માટે લાંબા સમયથી અટવાયેલી ફાઈલો મંગાવી એક જ દિવસમાં 45 ફાઈલોને મંજૂરી આપી હતી. જેના કારણે લાભાર્થીઓને ટૂંક સમયમાં સહાય મળવાની આશા જાગી છે. મેયર માયા માવાણીની આ ઝડપી કામગીરીને લઈને પાલિકા વર્તુળોમાં પણ સકારાત્મક ચર્ચા શરૂ થઈ છે.

નવા ચુંટાયેલા મેયર માયા માવાણીની

# 'બુકે નહીં, બુક આપો' મેયરની કેબિનમાં નોટ બુકનો ઢગલો


**પુસ્તકો,** પેન અને સાડીઓ ગરીબ બાળકોના શિક્ષણ અને વૃદ્ધાશ્રમની માતાઓ માટે વપરાશે



સુરત : સુરત મહાનગરપાલિકાના મેયર માયા માવાણીએ પદ સંભાળતાની સાથે જ ફૂલોના બુકે સ્વીકારવાની પરંપરા બંધ કરીને તેના સ્થાને પુસ્તકો, નોટબુક, પેન અને સાડીઓ ભેટરૂપે આપવા અપીલ કરી છે. મેયરની આ પહેલને શહેરના નાગરિકો અને સામાજિક સંસ્થાઓએ ઉત્સાહભેર વધાવી લીધી છે. સુરતવાસીઓએ આ અપીલને વધાવી લેતા પહેલા જ દિવસે મેયરના ટેબલ પર નોટબુક અને પુસ્તકોનો ઢગલો થઇ ગયો હતો. મેયર કાર્યાલયે આજે અનેક શુભેચ્છકો બુકેની જગ્યાએ શૈક્ષણિક સામગ્રી અને સાડીઓ સાથે પહોંચ્યા હતા. મળેલી પુસ્તકો અને પેન ફૂટપાથ, સ્લમ વિસ્તારો અને આર્થિક રીતે નબળા પરિવારોના બાળકોને શિક્ષણ માટે વિતરણ કરવામાં આવશે, જ્યારે સાડીઓ વૃદ્ધાશ્રમમાં રહેલી નિરાધાર માતાઓને અર્પણ કરાશે. મેયર માયા માવાણીએ જણાવ્યું હતું કે, ફૂલોના બુકે થોડા કલાકોમાં કરમાઈ જાય છે, જ્યારે પુસ્તક કોઈ બાળકના જીવનમાં કાયમી સ્મિત લાવી શકે છે. રસ્તા પર માતાની આંગળી પકડીને હસતા જતા એક બાળકને જોઈ તેમને આ વિચાર આવ્યો હતો.

# પત્નીથી ત્રસ્ત પતિની કલેક્ટર સમક્ષ ઈચ્છા મૃત્યુની માંગ

**પોલીસે** ગુનો ન નોંધ્યો, મુખ્યમંત્રી, ગૃહમંત્રી સમક્ષ પણ રજૂઆત કરી



સુરતઃ સુરતમાં આજે એક અભૂતપૂર્વ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં પત્નીના અસહ્ય ત્રાસથી ત્રસ્ત પતિએ કલેક્ટર સમક્ષ ઈચ્છા મૃત્યુની માગણી કરી છે. પત્નીએ12 વર્ષના પુત્રનું ગળુ દબાવી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સંદર્ભે પોલીસે ગુનો ન નોંધતા પતિએ પોલીસ સામે પણ બળાપો ઠાલવ્યો હતો.

કલેક્ટર કચેરીમાં ન્યાય ન મળતા આખરે આ મામલો રાજ્યના ગૃહ મંત્રાલય સુધી પહોંચ્યો છે. પીડિત પતિએ ગૃહ મંત્રી હર્ષ સંઘવીના પીએને પણ ફોન કરીને આપવીતી જણાવી હતી. જ્યાંથી તેમના પીએ દ્વારા આ કેસમાં તટસ્થ અને યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવી છે. પીડિત પતિના જણાવ્યા અનુસાર, તેમના અગાઉ 3 લગ્ન નિષ્ફળ રહ્યા હતા અને તેમની પત્નીના પણ અગાઉ બે લગ્ન થઈ ચૂક્યા હતા. પીડિતના આ ચોથા મેરેજ હતા. અગાઉના લગ્નથી એક 12 વર્ષનો દીકરો છે. આ માસૂમ દીકરાને માતાની મમતા અને સારો ઉછેર આપવાના આશયથી તેમણે વર્ષ 2024માં લગ્ન કર્યા હતા, પરંતુ લગ્નના ગણતરીના 3 મહિના જ આ સંસાર ચાલ્યો હતો. પીડિત પતિએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, તેમની પત્નીએ રાત્રિના સમયે તેમના દીકરાનું ગળું અને મોઢું દબાવીને તેને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### મંગલ સિનિયર સિટિઝન્સ સેવા ટ્રસ્ટ દ્વારા તુલસી પૂજન



સુરતઃ તુલસી પૂજન અને ૫ભ પુરુષોત્તમ રાધાકૃષ્ણની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ દિલીપભાઇ ગોળવાલા, ઉપ-પ્રમુખ શીલાબેન ગાંધી, સેક્રેટરી વિજય તમાકુવાલાએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગ્રુપના અન્ય કારોબારી સભ્યોમાં હરીશ પીપવાલા, હરીશ ગાંધી, નરેશ મહેતા, દિલીપ ગજ્જર, બીપીન ગાંધીએ સેવા આપી હતી. પૂજા બાદ ફરાળી ભોજનનું આયોજન ગ્રુપના સભ્યો માટે કરવામાં આવ્યું હતું.

### દાન, પૂણ્ય આપીને ભૂલી જાવ: કથાકાર વિનોદ શાસ્ત્રી



સુરત : અધિકમાસમાં દાન, પુણ્ય પર વિશેષભાર મૂકતા કથાકાર વિનોદભાઈ શાસ્ત્રીજીએ કુરુક્ષેત્રની ભાગવત કથામા કહ્યું હતું કે દાન, પુણ્ય કરી ભૂલી જાવ, ખેડુતનું ઉદાહરણ આપતાં કહ્યું કે ખેડુત એકવાર ખેતરમાં બીજ રોપ્યા પછી ખેડુત વારંવાર કેટલું ઉગ્યું તે જોવા નથી જોતાં, એ તો ક્યારેક ઉગશે જ તેમ દાન, પુણ્ય આપી ભૂલી જાવ, વળીને તે તમારી પાસે જ આવશે, પિતૃઓ પણ ખુશ થશે. શાસ્ત્રીજીએ ખૂબ ઊંડાણ પૂર્વક ભગવાનના ૨૪ અવતારનો ઉલ્લેખ કરી સ્વાધ્યાય પરિવારના પાંડુરંગ શાસ્ત્રીજીની ત્રિકાળ સંધ્યાની શૈલીને યાદ કરી કશ્યપ ઋષિ અને દેવહુતિના સંધ્યાકાળના શરીરસુખના પરિણામની કથા કહી કહ્યું કે વેદ કહે છે કે અપવાદને બાદ કરતા સંધ્યાકાળે ભોજન ન લેવાનું, સુવાનું નહિ, શરીર સુખ ન માણવું અને ચોથું હું ઉમેરું છું કે સુગર હોય તો તે દવા લઇ લેવી.

### સુરત મનપા સિનિયર સિટિઝન પેન્શનર ક્લબની મીટિંગ મળી

સુરતઃ સુરત મનપા સિનીયર સિટિઝન પેન્શનર કલબની મીટિંગ દિલીપભાઇ દેસાઇનાં પ્રમુખપદે ઇશિતાપાર્ક અડાજણ ખાતે આવેલી સીની. સીટીઝન હોલમાં મળી હતી. જેમાં ચાલુ માસમાં જેની વર્ષગાંઠ આવે છે તેનું સ્મૃતિભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. મીટિંગમાં કલબના સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં નવા હોદ્દેદારો, કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. અંતે સુરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આભાર વિધી રાજેન્દ્ર લોટેએ કરી હતી.

### પદ્મદર્શનસૂરિજીએ તેમના સંસારી ભાઈને ત્યાં પધરામણી કરી



મુંબઇઃ દક્ષિણ મુંબઇના 12મી ખેતવાડી સ્થિત દિશા રેસીડેન્સી ખાતે સુશ્રાવક મહેન્દ્રભાઇ મંછાલાલ શાહ આરખીવાળાના ત્યાં (તેમના સંસારી ભાઇ) આ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ વૃંદના ઢોલ નગારા સાથે સામૈયા સાથે પ્રવેશ થયો હતો. બેડાવાળી બહેનોએ ત્રણ પ્રદક્ષિણા કરીને અક્ષતથી વધામણાં કર્યાં હતાં. આ પાવન પ્રસંગે તેમના સંસારી પરિવારજનો, સુણતર સમાજનાં મોવડીઓ અને અતિથિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સામૈયા બાદ માંગલિક પ્રવચન થયું હતું. સામૈયામાં પધારેલાની નવકારશી પરિવાર દ્વારા રાખવામાં આવી હતી. આ રુડા અવસરે આશીવર્ચનો દ્વારા આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે સંતોના પગલે પગલે જીવન પાનખર બન્યું હોય તો પણ વસંતઋતુ બની જાય છે જીવનને ધન્ય બનાવવા માટે જૈન શાસન મળ્યું છે. સત્તા, સંપત્તિ અને શક્તિની પાછળ જીવનને બરબાદ કરવાનું નથી.

# સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરના મોર્ફ કરેલા બીભત્સ ફોટા મૂકી દીધા

**ઉત્રાણની** મહિલાના ફોટા સાથે છેડછાડ કરી મોબાઈલ નંબર પણ સાર્વજનિક કર્યો

**અજાણ્યા** આઈડી ધારકો સામે ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં રહેતી અને સોશિયલ મીડિયા પર સક્રિય એક ૩૦ વર્ષીય પરિણીત ઈન્ફ્લુએન્સર મહિલા સાયબર ક્રિમિનલ્સનો ભોગ બની છે.

અજાણ્યા વિકૃત તત્વોએ મહિલાના ઓરિજિનલ ફોટાઓ મેળવી, તેની સાથે ચેડાં (એડિટ) કરી, અશ્લીલ લખાણ સાથે સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર મહિલાએ ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા આઈડી ધારકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉત્રાણ વિસ્તારની સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પરિણીતાને બદનામ કરવાના ઈરાદે ગત તા. ૨૪ મે ૨૦૨૬ પછી અજાણ્યા શખ્સોએ કારસો રચ્યો હતો.

આરોપીઓએ પીડિતાના ફોટા ડાઉનલોડ કરી, તેમાં એડિટિંગ કરીને અત્યંત વાંધાજનક અને અશ્લીલ લખાણ ઉમેર્યું હતું. ત્યારબાદ આ ફોટાઓને ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ અને વોટ્સએપ જેવા પ્લેટફોર્મ્સ પર વાયરલ કરી દીધા હતા.આરોપીઓએ માત્ર અશ્લીલ પોસ્ટ મૂકીને સંતોષ ન માન્યો, પરંતુ નફ્ફટાઈની હદ વટાવતા આ બદનક્ષીભર્યા લખાણ સાથે પરિણીતાનો પર્સનલ મોબાઈલ નંબર પણ સોશિયલ મીડિયા પર સાર્વજનિક કરી દીધો હતો. નંબર વાયરલ થતાં જ મહિલા પર અજાણ્યા લોકોના ફોન આવવા લાગ્યા હતા, જેના કારણે પરિણીતા તીવ્ર માનસિક આઘાત અને સામાજિક બદનામીની ગર્તામાં ધકેલાઈ ગઈ હતી.

પીડિતાએ જે-તે સોશિયલ મીડિયા આઈડી ધારકોનો સંપર્ક કરીને પોસ્ટ હટાવી લેવા વિનંતી કરી હતી, ત્યારે નરાધમોએ શરમ રાખવાને બદલે પીડિતાને બિભત્સ ગાળો આપી ધમકીઓ આપી હતી. અંતે પરિણીતાએ હિંમત ભેગી કરી ઉત્રાણ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસે આ મામલે આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સાયબર સેલની મદદથી નકલી આઈડી ઓપરેટ કરનારાઓની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અમરોલીની મોબાઇલ રિપેરિંગની દુકાનમાં આગ

સુરતઃ સુરતમાં આગના બે બનાવવામાં અમરોલી અંજની ઈન્ડસ્ટ્રીઝમાં શુક્રવારે વહેલી સવારે મોબાઈલ રિપેરિંગ અને એસેસરીઝની તથા મની ટ્રાન્સફરની દુકાનમાં આગ લાગતા ઘટનાસ્થળ ઉપર અફરાતફરી અને ભાગદોડ થઈ જવા પામી હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ અમરોલીના ગોથાણ રોડ અંજની ઈન્ડસ્ટ્રીઝમાં ગણેશ નામની મોબાઈલ રિપેરિંગ તથા મોબાઇલ એસેસરીઝ અને મની ટ્રાન્સફરની દુકાન આવેલી છે. શુક્રવારે વહેલી સવારે દુકાનમાં આગ ફાટી નીકળી હતી જેના લીધે બહાર સુધી ધૂમાડો દેખાતા ઘટના સ્થળ ઉપર ભાગદોડ અને અફરાતફરી મચી ગઈ હતી કોલ મળતા બે ફાયર સ્ટેશનની ચાર ગાડી સાથે ફાયર બ્રિગેડનો કાફલો ત્યાં પહોંચીને આગ બૂઝાવાની કામગીરી હાથ ધરી હતી, આગના લીધે દુકાનમાં મોબાઈલના ઈયર ફોન, કવર સહિતની એસેસરીઝ, કાઉન્ટર વાયરીંગ સહિતની ચીજ વસ્તુઓને નુકસાન થયું હતું.

# લસકાણામાં 60 જગ્યાએ ચાલતી વીજચોરી પકડાઈ

**ડીજીવીસીએલની** સ્પેશિયલ ડ્રાઇવમાં 83 લાખનો દંડ ફટકારવામાં આવ્યો

**કેટલાક** લોકોએ તો ગેરકાયદે સીધી જ લાઇન ખેંચી હતી

સુરતઃ સુરત નજીકના લકસાણા વિસ્તારમાં ડિજીવીસીએલ દ્વારા વિજ ચોરી અટકાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ડિજીવીસીએલની વિજીલન્સ વિભાગની કુલ 38 ટીમોએ સંયુક્ત કામગીરી કરીને વિસ્તારમાં સઘન ચકાસણી હાથ ધરી હતી. આ દરમિયાન કુલ 1470 વિજ કનેક્શનોની તપાસ કરવામાં આવી હતી.

ચકાસણી દરમિયાન 60 જેટલા કનેક્શનોમાં વિવિધ પ્રકારની વિજ ચોરી ઝડપાઈ આવી હતી. કેટલાક સ્થળોએ મીટર સાથે છેડછાડ, બાયપાસ કનેક્શન તેમજ ગેરકાયદેસર રીતે સીધી વીજ લાઇન ખેંચી વીજ વપરાશ થતો હોવાનું સામે આવ્યું હતું. ડિજીવીસીએલ દ્વારા આવા તમામ ગ્રાહકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિજ ચોરી કરતા ઝડપાયેલા ગ્રાહકોને મળીને અંદાજે 83 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિજ ચોરીને કારણે ડિજીવીસીએલને આર્થિક નુકસાન થાય તેમજ સામાન્ય ગ્રાહકો પર પણ તેનો પ્રભાવ પડે છે. તેથી વિજ ચોરી સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી રહી છે. ડિજીવીસીએલના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં આવી જ સઘન ચકાસણી હાથ ધરવામાં આવશે.

હદ થઈ ગઈ! ભાજપના રાજમાં ધારાસભ્યોનું કાંઈ ઉપજતું નથી, પાંચ ધારાસભ્યો પાસે ફરિયાદનો ઢગલો

# ઉધનામાં ટ્રાફિકની સમસ્યા, પોલીસ શું કરે છે?

**સંકલન** બેઠકમાં ધારાસભ્ય મનુ પટેલનું આક્રમક વલણ

**અશાંતધારા** મુદ્દે અરવિંદ રાણા તો હજીરામાં આડેધડ ટ્રેલરના પાર્કિંગ મુદ્દે સંદીપ દેસાઇ અકળાયા



સુરતઃ શુક્રવારે અઠવાલાઈન્સ સ્થિત પોલીસ ભવન ખાતે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતની અધ્યક્ષતામાં યોજાયેલી સંકલનની બેઠકમાં શહેરના પાંચ ધારાસભ્યોએ હાજર રહીને પ્રશાસનની ઢીલી નીતિ સામે આકરા પ્રહારો કર્યા હતા. જેમાં ખાસ કરીને પાંડેસરા સચિન, સચિન જીઆઈડીસી જેવા ઔદ્યોગિક એકમમાં બેફામ બનેલા જળ માફિયાઓ વિરુદ્ધ કડક પગલાં લેવા રજૂવાત કરવામાં આવી હતી.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ હજીરા, ઈચ્છાપોર અને ભેસાણ રોડની ગંભીર સ્થિતિ તરફ કમિશનરનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, રાત્રિના સમયે મુખ્ય માર્ગો પર ભારે વાહનો (ટ્રક-ટ્રેલર) ગેરકાયદેસર અને આડેધડ પાર્ક કરી દેવાય છે. આ મોતનું પાર્કિંગ અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જે છે, જેમાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. આવા વાહનચાલકો સામે તાત્કાલિક કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ સાથે તેમણે સરકારી નહેર (કેનાલ)ની સાઈડમાં ગેરકાયદે ખોદકામ કરી લાખો લીટર પાણીની ચોરી કરતા ટેન્કર માફિયાઓ સામે પણ કડક ઝુંબેશ ચલાવવા આગ્રહ કર્યો હતો. ધારાસભ્ય અરવિંદ રાણાએ અશાંત ધારા કાયદાના અમલીકરણમાં થઈ રહેલા વહીવટી વિલંબ પર સીધા સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કમિશનર સમક્ષ ભારે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, હિન્દુ વિસ્તારોમાં મિલકતોની ખરીદી અને ટ્રાન્સફર માટેની અસંખ્ય અરજીઓ છેલ્લા 6થી 8 મહિનાથી અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ધૂળ ખાઈ રહી છે. પોલીસ તપાસ અને વેરિફિકેશનના નામે આ ફાઈલોને કારણ વગર પેન્ડિંગ રખાતા સામાન્ય જનતાને ભારે આર્થિક અને માનસિક પરેશાની ભોગવવી પડે છે. આ ફાઈલોનો સમયમર્યાદામાં ઝડપી નિકાલ કરવા તેમણે આદેશાત્મક રજૂઆત કરી હતી.

શહેરમાં વધી રહેલા ધ્વનિ પ્રદૂષણ અને સવારના સમયે સ્થાનિક લોકોને થતી હાલાકી અંગે ધારાસભ્ય કાંતિ બલર અને વિનુ મોરડિયાએ સંયુક્ત રીતે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આક્રોશ વ્યક્ત કર્યો કે વહેલી સવારે રહેણાંક વિસ્તારોમાંથી પસાર થતી લક્ઝરી બસોના ચાલકો નિયમોને નેવે મૂકીને કાન ફાડી નાખે તેવા પ્રેશર હોર્ન વગાડે છે. આ અસહ્ય અવાજને કારણે વડીલો, બીમાર વ્યક્તિઓ અને બાળકોની ઊંઘ બગડે છે. બંને ધારાસભ્યોએ વહેલી સવારે પોલીસ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ ડ્રાઈવ રાખવા અને ચાર-ત્રણ રસ્તા પરના ટ્રાફિક જામનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી હતી.

ઉધના વિસ્તારની જટિલ ટ્રાફિક સમસ્યાને લઈને ધારાસભ્ય મનુ પટેલ ભારે આક્રમક મૂડમાં જોવા મળ્યા હતા. તેમણે ઉધનાના મુખ્ય સર્કલ અને ચાર રસ્તા પર લાગતા કલાકો લાંબા જામ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. આ ઉપરાંત, તેમણે પાંડેસરા GIDCમાં બોરિંગ દ્વારા ગેરકાયદેસર રીતે ભૂગર્ભ જળ ખેંચીને ટેન્કરો મારફતે વેચતા પાણી માફિયાઓનો મુદ્દો ઉઠાવ્યો હતો, જેના લીધે ગ્રાઉન્ડ વોટર લેવલ નીચે જઈ રહ્યું છે. તેમણે તંત્રને આ પ્રવૃત્તિ તાત્કાલિક બંધ કરાવવા સ્પષ્ટ સૂચન આપ્યું હતું. રજૂઆતો બાદ પોલીસ કમિશનરે તમામ મુદ્દાઓને ગંભીરતાથી લીધા હતા. તેમણે સ્થળ પર હાજર ઉચ્ચ પોલીસ અધિકારીઓને જળ માફિયાઓ પર કડક કાર્યવાહી કરવા અને અન્ય પ્રશ્નોનો ત્વરિત ગતિએ ઉકેલવવા આદેશ આપ્યા હતા.

## વૃદ્ધાની બુટ્ટી આંચકતા કાન ફાટી ગયો

સુરતઃ વેલંજા નંદીની રેસિડેન્સીમાં રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધાને રિક્ષામાં બેસાડી, અવાવરુ રસ્તે લઈ જઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી કાનમાંથી ૧૫ હજારની કિંમતની સોનાની બુટ્ટી આંચકી રિક્ષાચાલક ફરાર થઈ ગયો હતો. બુટ્ટી આંચકવાના કારણે વૃદ્ધાના કાનમાંથી લોહી વહેવા લાગ્યું હતું અને તેમને હોસ્પિટલમાં ખસેડતા કાને ૬ ટાંકા લેવા પડ્યા હતા.

વેલંજાની નંદીની રેસિડેન્સી (વિભાગ-૨)માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા નંદુબેન મથુરભાઈ ઉસદડિયા (ઉં.વ.૬૧) ગત તા. ૨૬મી મેના રોજ સવારે કઠોર સરકારી દવાખાને ગયાં હતાં. ત્યાંથી પરત ફરતી વખતે એક રિક્ષા ભાડે કરી હતી, જેમાં એક મહિલા અગાઉથી બેસેલી હતી. સોસાયટી નજીક આવતા નંદુબેને રિક્ષા ઊભી રાખવા કહ્યું હતું, પરંતુ ચાલકે રિક્ષા ઊભી રાખી ન હતી. અને અવાવરુ જગ્યા પર લઇ બુટ્ટી ખેંચી લીધી હતી. જેના કારણે તેઓ લોહીલુહાણ થઇ ગયા હતા.

ઇન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવ્યા બાદ

# વેકેશનમાં સગાના ઘરે આવેલી કિશોરી પર દુષ્કર્મ કરનાર ઝડપાયો

**દીપક** સોંદરવા નામનો યુવક સગીરાને લલચાવી વેડ રોડ પરથી ઉપાડી ગયો હતો

સુરતઃ ૧૪ વર્ષની માસૂમ સગીરાનું અપહરણ કરી તેની પર દુષ્કર્મ ગુજારવાનાર આરોપીને પોલીસે ઝડપી લીધો છે.

અમરેલીની ૧૪ વર્ષીય સગીરા વેકેશન માણવા મોટાબાપાના ઘરે આવી હતી. તે ગઈ તારીખ ૨૫ મે ૨૦૨૬ ના રોજ બપોરે આશરે પોણા ત્રણ વાગ્યાના સુમારે રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગઈ હતી. પરિવારજનોએ તેની આસપાસના વિસ્તારમાં ભારે શોધખોળ આદરી હતી પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ બાળકી અચાનક મળી આવતા પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો, પરંતુ બાળકીએ જે હકીકત જણાવી તે સાંભળી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

ભોગ બનનાર સગીરાએ રડતા-રડતા પરિવારને જણાવ્યું હતું કે, તે રમણનગર સોસાયટીના નાકે તે ઉભી હતી ત્યારે દિપક સોંદરવા નામનો યુવક તેને લગ્નનો વાયદો કરી તેનું અપહરણ કરી ગયો હતો. જ્યાં સગીરાની મરજી વિરૂદ્ધ આ નરાધમે ગોંધી રાખીને તેની પર દુષ્કર્મ ગુજાર્યું હતું.

પરિણીત કે સગા વ્હાલાની હાજરીમાં આ અંગે ચોકબજાર પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કેસમાં પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી દિપક કાળુભાઇ સોંદરવા રહે, બજરંગ એપાર્ટમેન્ટ, ગાયત્રી સોસાયટી, અમરોલી, સુરત, મૂળ રહે. ગામ-બોડીયા, તા. લીલીયા, જી. અમરેલી)ને ઝડપી પાડ્યો હતો.